June 2025

શ્રી પાટણ જૈન મંડળ
સેવા * સહકાર * સંગઠન
Shree Patan Jain Mandal
ISO 9001 : 2015 CERTIFIED

# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB

Year 20 • Issue 09 / 232

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

• Mumbai • Page 28 • Price Rs. 2/-
• PRGI. Regd. No. MAHGUJ/2006/18379

ટેલિફોન: 22811346 • 22811218 • Mobile: 8779161209 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...

દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)

**મારા સ્નેહી પરિવારજનો,**

**પ્રણામ !**

એકવાર શહેનશાહ અકબરને તાનસેનનાં ગુરુ હરિદાસને સાંભળવાની ઈચ્છા થઈ. તાનસેન અકબરને લઈને ગુરુ હરિદાસનાં આશ્રમમાં ગયા. હરિદાસને વિનંતી કરતાં કહયું, અકબર બાદશાહને તમારું સંગીત સાંભળવું છે. હરિદાસજીએ ગાવાની શરૂઆત કરી. ઉપસ્થિત સહુ કોઈ હરિદાસની ગાયકીમાં ડૂબી ગયા. દરબારમાં પાછાં ફર્યા બાદ અકબરે તાનસેનને પૂછયું:

તારું સંગીત માત્ર તન ડોલાવે છે, જ્યારે હરિદાસનું સંગીત તો મારા ચિત્તને, મારાં આત્માને ડોલાવે છે, આવું કેમ ?

તાનસેને શહેનશાહ સામે મસ્તક ઝુકાવી, બે હાથ જોડી વિનમ્રતાપૂર્વક કહયું; ''શહેનશાહ ! મારાં ગુરુ બ્રહ્માંડનાં રાજાને રાજી કરવા માટે ગાય છે, જયારે હું હિંદુસ્તાનના રાજાને રાજી કરવા માટે ગાઉ છું.''

આ નાનકડી ઘટનાનો સાર એટલો જ છે કે; ''જે કામ હાથ ધરવામાં આવે અને તેમાં વ્યકિત જો પોતાની જાતને સમર્પિત કરી દે, પરમાર્થનાં ભાવ હોય, કર્મયોગી બને, સંપૂર્ણ નિષ્ઠાવાન બની આનંદપૂર્વક કરે ત્યાંરે એ કામનું પરિણામ ઉત્કૃષ્ટ જ આવે છે.''

મને પણ કહેતાં આનંદ અને ગર્વની લાગણીનો અનુભવ થાય છે, મારી સાથે સમગ્ર ટીમનાં કાર્યકરો તન, મન, ધનથી પાટણ સમાજની પ્રગતી માટે સાથ-સહકાર આપીને જે રીતે કામ કરી રહયાં છે, તેનાં ફળ સ્વરૂપે આપણે એક પછી એક પ્રોજેકટો પુર્ણ કરવામાં સફળતા મેળવી રહયાં છીએ.

ગોરેગામ ખાતે **સૌરભ મેડિકલ હેલ્થકેર,** પાટણ ખાતે આધુનિક સગવડ સાથેની **TDSV સ્કૂલ,** લોનાવલા ખાતે આલીશાન **હોલિ-ડે હોમ, નવગ્રહ જિનાલય** સાથે, ગત **વર્ષ ૨૦૨૪માં સમ્મેતશિખરજીની ભવ્ય યાત્રા** અને હવે **વર્ષ ૨૦૨૬માં ૩૯, કલ્યાણકની ભૂમિ અયોધ્યા-વારાણસીની તીર્થયાત્રા.**

**મિત્રો ! આપ સર્વેનાં આશિષથી આ બધા સારાં કાર્યો થાય છે જે પાટણ સમાજના Mile Stone છે,**

**આપ સહુ અમને શકિત આપી કામ કરવા સક્ષમ બનાવો છો.**

લોનાવલા ખાતે દેવ, ગુરુ ની કૃપાથી શિલાન્યાસનું કાર્ય સફળતાપૂર્વક સંપન્ન થયું છે. જિનાલયની પ્લીન્થ લેવલ સુધીનું કામ પૂર્ણ થઈ ગયું છે. હવે લોનાવલામાં ભારે વરસાદ રહેતો હોવાથી કામ બંધ રહેશે, જે સપ્ટેમ્બર પછી શરૂ થશે. આ સાથે મકરાણાં ખાતે માર્બલનું કામ ચાલુ છે. આપણે સહુ સાથે મળીને એવી ભાવના રાખીએ કે, શ્રી શંખેશ્વર દાદાની કૃપાથી અને દેવ ગુરુનાં આશીર્વાદથી

Cont. page 2

ધાર્યા સમયમાં **જિનાલય અને હોલી-ડે હોમ** તૈયાર થઈ જાય અને શ્રી પાટણ જૈન સમાજનો સંઘ ધામધૂમથી પરમાત્માની પ્રતિષ્ઠા તથા **હોલી-ડે હોમનું** ઉદ્‌ઘાટન કરવાનો અવસર માણીએ.

**લોનાવલા ખાતે જિનાલયનાં હમણાં જે નવાં લાભાર્થી બની ધન્ય બન્યાં છે તે શુભ દાતાઓનાં નામ છે.**

**૧) શ્રી વિનોદભાઇ હરીલાલ ઝવેરી - (સિદ્ધચક્રની પોળ, હાલ જૂહુ વિલેપાર્લે- રૂ.૧ કરોડ ૧૧ લાખ - જિનાલાયમાં એક પ્રતિમાનાં લાભાર્થી તથા અયોધ્યા વારાણસી યાત્રા પ્રવાસનાં લાભાર્થી.**

**૨) શ્રીમતી ભાનુબેન સુરેશચંદ્ર શાહ - (શામળાજીની શેરી,ખેતરવસી) રૂા. ૦.૬૩ કરોડ-લોનાવલા ખાતે એક પ્રતિમાનાં લાભાર્થી.**

**૩) શ્રીમતી જ્યોત્સનાબેન પ્રવિણચંદ્ર શાહ - હ. શ્રીમતી નિકીતાબેન ધિરેનભાઈ શાહ - રૂા. ૦.૬૩ કરોડ**

હજુ નીચે મુજબનાં લાભાર્થીઓને અમે આમંત્રણ આપીએ છીએ કે જેને લાભ લેવાની ઈચ્છા હોય તો અમારો સંપર્ક કરી શકે છે.

**રૂા. ૧.૨૫ કરોડ ‘‘જિનાલયના ગભારામાં દેવકુલિકામાં રત્નના લીલા રંગના (ગ્રીન) શ્રી મલ્લિનાથ ભગવાન ભરાવવાનો લાભ મળશે.’’**

પ. પૂ. ગુરુભગવંતની વિનંતિ અને સૂચના મુજબ ૬ ભગવાન રંગમંડપમાં બિરાજમાન કરવાનાં છે. તે બધાંનો આદેશ અપાઈ ગયો છે. આદેશ લેનાર સહુ ભાગ્યશાળીઓની અનુમોદના.

**આ ઉપરાંત શ્રી ગુરુ ગૌતમસ્વામી, શ્રી પાર્શ્વયક્ષ અને શ્રી મણિભદ્રવીરનો લાભ રૂ. ૬૩ લાખમાં આપવાનો છે. (પ્રત્યેકનો)**

મિત્રો ! આપણે સહુએ ગૌરવ લેવા જેવો આ અવસર છે. લોનાવલાની ધરતી પર આ ભવ્યાતિભવ્ય નવગ્રહ જિનાલય પાટણનાં ઈતિહાસમાં નામ અમર કરશે. સૌ પ્રથમવાર આ જિનાલય પાટણવાસીઓનું બનશે. લાખો આત્માઓ ત્યાં પૂજા-ભકિત કરવા આવશે. વિહાર કરતા આવતા જતાં અનેકાનેક ગુરુ ભગવંતો ત્યાં સ્થિરતા કરશે. **હોલિ-ડે હોમમાં** રહેનારાઓને પૂજા-ભકિત સાથે ગુરુ ભગવંતની વાણીનું શ્રવણ થશે. જે ભવોભવ તમારી સાથે રહેશે. દરેક દાનવીરોને પુણ્યાનું બંધી પુણ્ય પ્રાપ્ત થશે. હવે બહુ જ થોડા લાભ બાકી છે. આ અવસર ચૂકવા જેવો નથી. **જિનાલયની ધજા જયારે આસમાનમાં જૈનમ જ્યંતિ શાસનામનો નાદ જગાવતી ફરકશે,** ત્યાંરે દરેક પટણીઓનાં હૈયામાં હરખનો પાર નહી રહે.

આ સાથે અમે અપીલ કરીએ છીએ કે સમૃધ્ધ પાટણનાં દરેક મહોલ્લાઓ અને શેરીઓમાં જિનાલયો છે તો તેનાં ટ્રસ્ટીઓને નમ્ર નિવેદન છે કે આપ સર્વે ટ્રસ્ટીઓ નવગ્રહ જિનાલય માટે દેવદ્રવ્ય આપીને ઉત્તમ સત્કાર્યનાં ભાગીદાર બનીને શ્રી શંખેશ્વરદાદાની અસીમ કૃપા પ્રાપ્ત થશે. આતો **‘‘સાથી હાથ બઢાના’’** જેવું કામ છે. આપણે સહુએ સાથે મળીને જૈન શાસનને ઉજમાળ કરવાનું છે. તો અમારી વિનંતીને વિશેષ પ્રકારે નોંધ લઇને સાથ-સહકાર આપશો તેવી અમારી ભાવના છે.

| | |
|---|---|
| **શ્રી મરીનડ્રાઇવ જૈન આરાધક ટ્રસ્ટ–** | **રૂા. ૧.૦૮ કરોડ.** |
| **શ્રી શાંતીનાથ જિનાલય-મોટા દરોસર, કનાસાનો પાડો -** | **રૂા. ૨૭ લાખ.** |
| **શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ - રતન નગર -** | **રૂા. ૨૭ લાખ.** |
| **શ્રી રાકેશકુમાર કાંતિલાલ શાહ** | **રૂા. ૨૫ લાખ.** |
| **શ્રી ફોફલિયાવાડો, પોળની શેરી -** | **રૂા. ૧૧.૭૦ લાખ.** |
| **શ્રી મહાલક્ષ્મી માતાનો પાડો -** | **રૂા. ૧૧.૭૦ લાખ.** |
| **શ્રી શાંતીનાથ જિનાલય, નાનું દેરાસર, કનાસાનો પાડો -** | **રૂા. ૧૧.૭૦ લાખ.** |

ઉપતકત ટ્રસ્ટનો ખુબ ખુબ આભાર અને અનુમોદના.

‘‘સર્વજ્ઞ શ્રી કલિકાલ હેમચંદ્રાચાર્યજી અને કુમારપાળ રાજાની આ ઐતિહાસિક ભૂમિ, ગામ નગરપુર પાટણ જેહની સ્મૃતિને જીવંત રાખી’’ પટણીઓનો ડંકો વગાડીએ. **"Proud of Pattni" slogan ને** સાકાર કરીએ. તમારો સાથ સહકાર જેટલો મળશે તેટલી ઝડપથી પ્રગતિ થશે.

વર્ષ ૨૦૨૪ માં **સમ્મેતિશિખરજીના યાત્રા પ્રવાસ** સમયે ડોનરોનાં અભિવાદન પ્રસંગે **વર્ષ ૨૦૨૬ માં અયોધ્યા-વારાણસી, જે ૩૯ કલ્યાણકોની ભૂમી છે** ત્યાં યાત્રા કરવાનો વિચાર વહેતો કર્યો હતો, જે આજે અમલમાં મૂકાઈ ગયો છે. દાનવીર દાતાઓ અને પરમાત્માની કૃપાથી જ આ કાર્ય શકય બન્યું છે.

**Date 22 February 2026, Sunday By Flight Departure and Return Date on 27th February 2026 by Flight Bombay. Three Star Hotels Stay and 2x2 Luxury Bus દ્વારા પ્રવાસ થશે.**

આપ સર્વેને આગામી પ્રતિબિંબમાં માહિતી આપવામાં આવશે.આ ચાત્રાનાં દરેક ડોનરોની જેટલી અનુમોદના કરીએ તેટલી ઓછી છે. ખુબ ખુબ અભિનંદન.

**યાત્રા પ્રવાસનાં મુખ્ય દાતા રૂા. ૫૧ લાખ : શ્રી વિનોદભાઈ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)**

**યાત્રા પ્રવાસનાં સહયોગી દાતા રૂા. ૧૫ લાખના નામ નીચે મુજબ છે.**

**૧) શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (કનાસાનો પાડો)**

**૨) શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી (સાલવી વાડો)**

**૩) શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ (કનાસાનો પાડો)**

**૪) શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ (પોળની શેરી)**

**૫) શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)**

**૬) શ્રી પંકજકુમાર નેમચંદભાઇ શાહ (પોળની શેરી)**

**૭) શ્રીમતી ચારૂબેન રાજેન્દ્રભાઈ ઝવેરી (મનમોહનજીની શેરી)**

**૮) શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ શાહ (ડંકમહેતાનો પાડો)**

**૯) શ્રીમતી પરેશાબેન મહેશભાઈ શાહ (કપુરમહેતાનો પાડો)**

**જે કોઈ પરિવારને લાભ લેવાની ઈચ્છા હોય તો રૂ.૧૫ લાખમાં નામ લખાવી શકે છે.**

**''સૌરભ મેડિકલ હેલ્થ સેન્ટર''નાં** બિલ્ડિંગનું કામ આગળ વધી રહયું છે.1st Floor સુધી થઈ ગયુ છે. લગભગ દશેરાનાં શુભ દિવસે આપણને Ready Posession મળશે. તેવી ધારણા છે. ત્યાંરબાદ Intarier Work Start થશે.

એપ્રિલ ૨૦૨૬માં સેન્ટર શરૂ કરવાની ઈચ્છા છે. જે દાતાઓએ સૌરભ મેડિકલ હેલ્થકેર સેન્ટરમાં લાભ લીધો છે, તે દાતા પરિવારોને વિનંતી છે કે, હવે આપ સર્વે દાતાઓ દાનની રકમ મોકલી આપે. તો અમને પણ આગળનાં કામ કરવાની સરળતા રહે. જેથી સમયસર નવાં વર્ષમાં નવું સેન્ટર શરૂ થઈ જાય. નવાં સેન્ટરનાં દાતાઓનાં નામ અને વિગત પ્રતિબિંબનાં અંકમાં આપવામાં આવે છે. જો કોઇ દાતાઓને આ યોજનામાં લાભ લેવો હોય તો અમારો સંપર્ક કરી શકે છે.

***પરોપકારનાં બીજ વાવીએ, પ્રસન્નતાનો પાક લણીએ,***
***પરમાત્માની કૃપા મેળવીએ, આપણું જીવન ધન્ય બનાવીએ...***

સાધર્મિક ભકિત સ્વરૂપ **અનાજ વિતરણનો** પ્રથમ રાઉન્ડ ખુબ જ સુંદર રીતે પાર પાડવામાં આવ્યો છે. **૨૧૫ પરિવારોને** ઘરે બેઠાં અનાજ પહોંચાડવું બહુ જ કપરું કામ હતું. પરંતુ **શ્રી સંજયભાઈ રમેશચંદ્ર શાહનાં** નેતૃત્વમાં અમારી ટીમે બહુજ કાળજીપૂર્વક અને સમયસર આયોજન કરીને સફળતા મેળવી છે. **ટોટલ ૩૫,૦૦૦ કિલો ની વિવિધ સામગ્રી આપવામાં આવી છે.** હજુ બીજાં બે રાઉન્ડ પૂરાં કરવામાં આવશે. આ સ્કીમમાં જે પરિવારોને દાતા તરીકે લાભ લેવાની ભાવના હોય તો **રૂ. ૨ લાખની રકમ છે. આર્થિક સહાય, મેડિકલ સહાય, શિક્ષણ સહાય, વિ.વિ. સ્કીમો** ચાલુ જ છે. જરૂરિયાતમંદ પરિવારોનો હાથ પકડી લેશો તો પરમાત્માનાં આશીર્વાદ મળ્યાં વગર રહેશે નહીં.

**તા.૨ થી તા.૫ જુલાઈ સુધી અમેરિકા-શિકાગો ખાતે JAINAનાં અધિવેશનમાં** પટણીઓએ ભાગ લીધો છે. તેમાં શ્રી પાટણ જૈન મંડળ તરફથી હું ત્યાં ૧૮ જુન નાં રોજ જઇ રહયો છું. ત્યાં આપણો પણ એક સ્ટોલ રાખવામાં આવ્યો છે. જે પટણીઓને શિકાગો અધિવેશનમાં આવવાની ઇચ્છા હોય તેઓ જરૂરથી આવી શકે છે. આપ સહુને મારાં તરફથી ભાવભર્યું આમંત્રણ છે. ત્યાં વસતાં આપણાં પટણીઓ સાથે હળીમળીને ગમતાંનો ગુલાલ કરીએ.

**વર્ષ ૨૦૨૬માં PPL Tournament નું આયોજન થઈ ગયું છે.** સાત ટીમનાં સ્પોનસરર્સનાં નામ આવી ગયા છે. વિગતવાર જાણકારી આગામી અંકમાં આપવામાં આવશે.

**તા.૧૫ જુન રવિવારની સવારે પાટકર હોલ ખાતે ''વ્હાલમ''** નામથી ખુબ જ સુંદર મજાનો ગુજરાતી ગીતોનો કાર્યક્રમ સંપન્ન થયો. પોગ્રામ કમિટીની અથાગ મહેનતથી સુંદર પરિણામ આવ્યું. **શ્રી રોહિતભાઇ શાહ, શ્રી કલ્પેશભાઈ ઝવેરી, શ્રીમતી અલ્પાબેન શાહ, શ્રી સંજયભાઈ શાહ,અને શ્રીમતી ભાવિનીબેન શાહ** તથા અન્ય કાર્યકરોને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આ પ્રસંગે નવગ્રહ જિનાલયનાં પ્રતિમાજીનાં લાભાર્થી, અયોધ્યા યાત્રા પ્રવાસનાં લાભાર્થી વેગેરનું શાલ ઓઢાડી બુકે આપી સન્માન કરવામાં આવ્યું હતું.

આ સાથે આપણી સંસ્થામાં ૬૪ વર્ષથી અવિરત સેવા આપનાર **શ્રી મનુભાઈ જોષીનું રજત મોમેન્ટો** અને બુકે આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

સુંદરાબાઈમાં વિવિધ વાનગીઓનો રસથાળ માણ્યો. શત્રુંજય તપનાં આરાધકોને બહુ જ ભકિતભાવથી એકાસણાં અમારી ટીમે કરાવ્યાં તેમને મારાં તરફથી અભિનંદન અને અનુમોદના.

   

# શબ્દો તમારા વિચારોને આકાર આપે છે

## તંત્રી સ્થાનેથી...

ભારતી શાહ

આજનો આ લેખ વિદ્યાર્થીઓ અને તેમના માતા-પિતાને સમર્પણ.....

જૂન મહિનાના પ્રારંભે મેઘરાજાના આગમે, નૈસર્ગિક વાતાવરણમાં ભીની ભીની માટીની મદમસ્ત સુગંધ, છત્રી-રેઈનકોટ સાથે પણ વરસાદમાં ભીંજાવાની મજા... અને વિદ્યાર્થીઓને ફરીથી નવા સત્રની ઉઘડતી સ્કુલોમાં જવાનો આનંદ, ક્લાસના મિત્રો સાથે ફરીથી એ જ મસ્તી તોફાનનો માહોલ. ઘરમાં માતા-પિતાની નવી નવી સૂચનાઓની ભરમાર. તેમ છતાં **એક નવી આશા. નવા અરમાનો સાથે પોતાની શૈક્ષણિક કારકીર્દી ઉજ્જવળ બનવા મથતાં વિદ્યાર્થીઓને નવાં વર્ષની ખુબ ખુબ શુભેચ્છાઓ**

નાની મોટી દરેક વ્યક્તિના જીવનમાં તેની વાણી અમૂલ્ય ભાગ ભજવે છે. વાણી શબ્દોની ગૂંથણી છે. **શબ્દો દ્વારા તે માનવીના સન્માન કરતા હાર પહેરાવી શકે છે તો માનવીને શબ્દો દ્વારા હાર આપી શકે છે. અહીં 'હાર' શબ્દ એક જ છે જે જીવનમાં જીત પણ અપાવી શકે અને જીવનમાં હાર પણ અપાવી શકે છે.** આ છે શબ્દોની રમત, એની માયાજાળ આપણી સાથે જીવનના અંતિમ સમય સુધી રહે છે **જો 'શબ્દ'ની સાચી સમજ હોય તો જીવન સાર્થક બની જાય અને સાચી સમજ વિના પ્રયોગ થાય તો 'મહાભારત' અને 'રામાયણ' સર્જાય.** બોલતા શબ્દોને સમજવા બહુ જરૂરી છે. કયા સમયે, કયા અર્થમાં અને કોના સંદર્ભમાં કેવા હાવભાવ પર બોલાય છે તે મહત્વનું છે.

**શબ્દ સાપસીડી સમાન છે, તે આગ છે અને ફાગણનો ફાગ પણ છે, દીક્ષા છે તો શિક્ષા છે. શબ્દની સાથે ગતિ છે તો અવગતિ પણ છે, શબ્દ સર્જન કરાવે છે તો વિસર્જન પણ કરાવે છે. માત્ર બે અક્ષરનો શબ્દ આપણી ઉપર રાજ કરે છે. શબ્દોથી જ ચારિત્રવાન બની શકાય છે અને શબ્દોથી જ ચારિત્રહીન બનાય છે.** પ્રત્યેક માણસના જીવનનો આપનો શબ્દ છે. આ શબ્દ એકવાર નેગેટીવ ભૂમિકામાં બોલાય છે તો એ જ શબ્દ બીજાની પાસેથી પોઝિટીવ ભૂમિકામાં બદલાય છે ત્યારે જીવનમાં શું ચમત્કાર થઈ શકે છે તે માત્ર શાળાના શિક્ષકો કે ઘરમાં માતા-પિતાઓએ જ નહીં પણ આપણે સહુએ સમજવા જેવું છે. વિશેષ તો આપણા બાળકો જ્યારે વિદ્યાર્થી અવસ્થામાં હોય ત્યારે એનું ચણતર અને ઘડતર થતું હોય છે તે યાદ રાખવા જેવું છે.

અમેરિકાની એક જાણીતી શાળામાં એકવાર પ્રવેશ માટે કોઈ બાળક જાય છે શાળાના નિયમ પ્રમાણે ત્યાં થોડીક પ્રશ્નોત્તરી થઈ. બધું તેમાં એ નાનકડા બાળકને અનુકૂળ જ પૂછવામાં આવ્યું હતું, છતાં બાળક સંતોષકારક જવાબ આપી શક્યો નહીં. શાળાના સંચાલકે એક કાગળ લખીને કવરમાં બંધ કરી બાળકના હાથમાં મૂકી સૂચના આપી કહ્યું, ''ઘરે જઈને તારી મમ્મીના હાથમાં આ કાગળ આપજે અને કહેજે કે કાગળ તારી સમક્ષ મોટેથી વાંચે'' બાળક તો માતાનું નામ સાંભળતા અને માને કવર આપવાનું છે તેમાં તેને સ્કૂલમાં ભણવા મળશે એવા વિચારોથી ખુશ થતો થતો ઘરે ગયો બાળકે ખિસામાંથી કવર કાઢી આનંદ લેતા લેતા મમ્મીના હાથમાં મૂક્યુ અને શિક્ષકે મોટેથી વાંચવા માટે કહ્યું હતું તે પણ જણાવ્યું. મા પણ કવર હાથમાં લેતાં રોમાંચિત થઈ ઉઠી ખાસ તો દીકરાને એક ઘણી મોટી જાણીતી શાળામાં પ્રવેશ મળી ગયો છે તેવું સમજીને માતાએ કવર ખોલ્યું, પત્ર પર એક નજર ધ્યાનથી નાખી. એક એક શબ્દ વાંચીને તેના દીકરાને કહેતી ગઈ કે, ''તમારો દીકરો તો બહુ તેજસ્વી છે, આટલી નાની ઉંમરમાં પણ તેની સૂઝ-સમજ બહુ સારી છે. અમે બધા શિક્ષકો તેનાથી પ્રભાવિત થઈ ગયા છીએ. અમે તો ઈચ્છા જરૂર રાખીએ છીએ કે આવો પ્રતિભાશાળી બાળક જો અમારી શાળામાં ભણે તો શાળાનું નામ રોશન થાય. પરંતુ અમને જણાવતા દુ:ખ થાય છે અફસોસ થાય છે કે તમારા પુત્રને વધુ આગળ ભણાવીને તેની ઉંચી પ્રતિભા વધારી શકે તેવા શિક્ષકો અમારી શાળામાં નથી. તેથી આપ એક શિક્ષિત માતા છો, કહેવાય છે કે ''એક માતા જ સો શિક્ષક બરાબર છે'' તો તમે જ ઘરે એને યોગ્ય શિક્ષણ આપવાનું શરૂ કરો તો અમને આશા છે કે તમારું બાળક એક દિવસ આખા અમેરિકામાં એનું નામ રોશન કરશે. માતાએ ચિઠ્ઠી વાંચી પૂરી કરી અને હસતા, મલકાતા ચહેરે કહ્યું; ''બેટા, કાલથી હું જ તને ભણાવીશ. હું જ તને તૈયાર કરીશ. તારા જેવો તેજસ્વી દીકરો મળ્યો હોય તો માતા તરીકે મારી ફરજ છે કે તને હું જ ભણાવીશ. તૈયાર કરીશ.''

ત્યાંરબાદ માતાએ દીકરાને ભણાવવામાં ક્યાંય કસર ન છોડી. દીકરાને જે વિષયમાં સૌથી વધારે રસ પડતો તેના ઉપર વધારે ધ્યાન આપીને પારંગત કર્યો. માતાને જેમાં સમજ નહોતી તેમાં તે બીજા શિક્ષકોની મદદ પણ લેતી સમય પસાર થતાં ખરેખર જ આ દીકરો ચારે તરફ ખ્યાતિ મેળવવા લાગ્યો બધા જ લોકો મા-દીકરાની પ્રસંશા કરતા થાકતા નહોતા. આ બધું જોતા માતાનું હૃદયથી નાચી ઉઠતું. જીવનની બધી કૃતજ્ઞતાનો તે અનુભવ કરી રહી હતી અને પોતાના દીકરા માટે ગર્વની લાગણી અનુભવી.

**સમય જતાં આ દીકરાને અમેરિકા જ નહીં, આખું વિશ્વ તેને ઓળખવા લાગ્યું. આ વાત છે (૧૮૪૭-૧૯૩૧) તે હતો થોમસ અલ્વા એડિસન એક અન્વેષક શોધક તરીકે સાથે એક વેપારી તરીકે પણ લોકો જાણતા.** આધુનિક જનજીવનને તેણે વધુ સમૃદ્ધ કરી આપતી. શોધો કરી. ખાસ તો અગ્નિથી પ્રકાશિત બલ્બ, મોશન પિક્ચર કેમેરા તેમજ ટેલિગ્રાફ અને ટેલિફોનમાં કરેલા ઉપયોગી સુધારાને કારણે

ધ્વનિરેકોર્ડિંગ અને તેને વગાડવાની વિશ્વની પ્રથમ પદ્ધતિની શોધ કરનાર એડિસનને લોકો ‘મેનલો પાર્કનો જાદુગર’ તરીકે ઓળખતા.

એડિસનના માતા તો મૃત્યુ પામ્યા પછી એક દિવસે પોતાના ઘરની સાફસૂફી કરતો હતો. ત્યારે તેના હાથમાં માતાએ સાચવી રાખેલો એક બટવો આવ્યો ખોલીને જોયું તો એક જૂની ચૂથાયેલી ચિઠ્ઠી મળી એડિસન એ ચિઠ્ઠિને ઓળખી ગયો પોતાના બાળપણમાં પેલી સ્કૂલના શિક્ષકે આપેલી આ ચિઠ્ઠી હતી. જિજ્ઞાસાથી તેને ફરીથી એ ચિઠ્ઠી વાંચવાનું મન થયું. વાંચતા વાંચતા તેની આંખોમાંથી આંસુઓ વહેવા માંડ્યા. ચિઠ્ઠીમાં લખ્યું હતું કે ‘‘તમારો પુત્ર ઘણો નબળો છે કોઈકાળે તે ભણી શકે તેવો નથી. મંદબુદ્ધિ ધરાવે છે માટે અમે અમારી શાળામાં તેને ધરાર પ્રવેશ આપી શકીએ તેમ નથી. તમે આ સત્ય સમજશો તો તમારા અને તમારા બાળક બન્ને માટે સારું લેખાશે. ચિઠ્ઠી વાંચી એડિસન ઊંડા વિચારમાં ખોવાઈ ગયો તે તેની માતાને સમજી ન શક્યો તેનું તેને દુઃખ લાગ્યું. માએ ચિઠ્ઠીમાં જે કંઈ લખ્યું હતું તેનાથી કંઈક જુદુ જ કહીને મને પ્રોત્સાહિત કર્યો હતો. **‘‘અરે માં ! તે તારા શબ્દોના જાદુથી અને મારા માટેની શક્તિ-ભક્તિથી તે તો મને કાદવમાંથી કમળ જેવો આકાર આપ્યો મા ! તારા સકારાત્મક શબ્દોએ તો મારી જીવનધારા - વિચારધારા બધું જ બદલી નાખ્યું મા ! તારો ઉપકાર ક્યારેય નહીં ભૂલું તે પણ જો આ શિક્ષકોની જેમ મને મંદબુદ્ધિનો માની લીધો હોત તો શું હું વિશ્વમાં થોમસ આલ્વા એડિસન તરીકે હોત ખરો ?’’**

મા તારા શબ્દો પ્રકાશ બની ગયા તારા શબ્દોએ મને નવજીવન આપ્યું. તારા શબ્દોએ તારા વિચારોને આકાર આપ્યો અને એ વિચારોમાંથી થોમસ એડીસન આલ્વાનું નામ આજે પણ રોશનીમાં ઝળહળી ઉઠે છે.

* * * * * * * *

# શ્રી પાટણ જૈન મંડળ દ્વારા આયોજીત

## લખનૌ-શ્રાવસ્તી નગરી-રત્નપુરી-અયોધ્યા-કોસાંબી-પુરીમતાલ (પ્રયાગરાજ) વારાણસી-પંચતીર્થ યાત્રા પ્રવાસ



શ્રાવસ્તી જૈન તીર્થ



અયોધ્યા જૈન તીર્થ



પુરીમતાલ જૈન તીર્થ



કોસાંબી જૈન તીર્થ

# શ્રી પાટણ જૈન મંડળ દ્વારા આયોજીત



## લખનૌ-શ્રાવસ્તી નગરી-રત્નપુરી-અયોધ્યા-કોસાંબી-પુરીમતાલ (પ્રયાગરાજ) વારાણસી-પંચતીર્થ યાત્રા પ્રવાસ





**યાત્રા પ્રવાસમાં રૂા. ૫૧ લાખના દાતા શ્રી**
**શ્રી વિનોદભાઈ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)**

### રૂા. ૧૫ લાખના યાત્રા પ્રવાસના સૌજન્ય દાતાશ્રીઓ :-



શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) પરિવાર
(કનાસાનો પાડો)



શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી પરિવાર
(સાલવી વાડો)



શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ પરિવાર
(કનાસાનો પાડો)



શ્રી સુધાબેન દિનેશભાઈ શાહ પરિવાર
(પોળની શેરી)



શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી પરિવાર
(મનમોહનજીની શેરી)



શ્રી પંકજભાઈ નેમચંદભાઈ શાહ
(પોળની શેરી)



શ્રીમતી ચારુબેન રાજેન્દ્રભાઈ ઝવેરી
(મનમોહનજીની શેરી)



શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ શાહ
(ડંકમહેતાનો પાડો)



શ્રીમતી પરેશાબેન મહેશભાઈ શાહ
(કપુરમહેતાનો પાડો)

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ



# શ્રી પાટણ જૈન સંઘ ફાઉન્ડેશન



## શ્રી પાટણ જૈન સંઘ ફાઉન્ડેશન નિર્મિત

**લોનાવાલા મધ્યે રત્નમય નવ ગ્રહ**
**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયમાં ભવ્યાતી ભવ્ય**
**દેવદ્રવ્યનો લાભ લેવાનો અમૂલ્ય અવસર**

* રંગમંડપમાં નામ આપવાના — રૂા. ૨,૦૭,૦૦,૦૦૦/-
  (અંકે રૂા. બે કરોડ સાત લાખ)
  દહેરાસરોના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ નામ લખવામાં આવશે.
* ચાર ગભારા ઉપર નામ આપવાના — રૂા. ૧,૦૮,૦૦,૦૦૦/-
  (અંકે રૂા. એક કરોડ આઠ લાખ) (પ્રત્યેકના)
  દહેરાસરોના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ નામ લખવામાં આવશે.

**પાંચ ગભારાનું જિનાલય છે જેમાં મુખ્ય ગભારાનો લાભ અપાઈ ગયેલ છે.**

* દહેરાસરના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ સ્કીમ મુજબ ગોલ્ડન શાહીથી નામ લખવામાં આવશે.

(૧) ડાયમંડ સ્કીમ - (રત્નમય આધાર સ્થંભ) ૫૪ લાખ
(૨) ગોલ્ડ સ્કીમ - (સુવર્ણ આધાર સ્થંભ) ૨૭ લાખ
(૩) સિલ્વર સ્કીમ - (રજત આધાર સ્થંભ) ૧૧.૭૦ લાખ

તા.ક. ઉપરોક્ત દેવ દ્રવ્યની રકમ ૨૪ મહિનાની અંદર સરળ હપ્તેથી આપવાના રહેશે.

❊ નમ્ર અપિલ ❊

પાટણના સર્વ જિનાલયોના ટ્રસ્ટીઓને જણાવવાનું કે આપણા આ નૂતન જિનાલયમાં લાભ લેવા નમ્ર વિનંતી છે.

# શ્રી પાટણ જૈન મંડળ

## હોલી ડે હોમ લોનાવાલા

# LONAVALA PROJECT DONOR

### લોનાવલા પ્રોજેક્ટના મુખ્ય દાતાશ્રી

**Rs. 10 Cr.**

**શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ**

**(શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહની સુપુત્રી – કુંભારીયા પાડો)**

### દેરાસરના મુખ્ય લાભાર્થી

**શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)**

**Rs. 5.25 Cr.**

### મલ્ટી પરપઝ હોલના સંપૂર્ણ લાભાર્થી

**શ્રીમતી પન્નાબેન કપુરચંદ સોનાવાલા**

**Rs. 4.00 Cr.**

### Rs. 1.25 Cr. સાધુ ભગવંતના ઉપાશ્રયના લાભાર્થી

શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો) / શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ (ચિતારાની ખડકી)
હ. શ્રીમતી સોનલબેન રવીભાઈ શાહ

### Rs. 1.25 Cr. સાધ્વી ભગવંતના લાભાર્થી

- શ્રી કીર્તિલાલ પોપટલાલ શાહ (મલ્લાતનો પાડો) – શ્રીમતી રંજનબેન (બચુભાઈ) શાહ (વાસુપૂજ્યની શેરી)

હ. શ્રીમતી તેજુબેન અને શ્રીમતી રંજનબેન

### Rs. 1 + 0.25 = 1.25 Cr. મુખ્ય આધાર સ્થંભ લાભાર્થી

- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો)
- શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી પરિવાર) (સાલવી વાડો)
- શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ ( કેશુશેઠનો પાડો)
- શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ (ચિતારાની ખડકી) / શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો)
  હ. શ્રીમતી કામીનીબેન શરદભાઈ શાહ
- શ્રી હેમચંદ્રભાઈ જીવનલાલ શાહ (કસુંબીયા વાડો)
- શ્રીમતી પ્રજ્ઞાબેન દીપકભાઈ રેવંતિલાલ શાહ (કનાસાનો પાડો)
- શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ (પોળની શેરી)
- શ્રીમતી આશીતાબેન સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા (કેશુશેઠનો પાડો)
- શ્રી દાનેશભાઈ, શ્રી હેમંતભાઈ, એક સદ્‌ગૃહસ્થ

### Rs. 50+13 = 63 Lc સહયોગી આધાર સ્થંભ લાભાર્થી :

- શ્રીમતી કાંતાબેન ચંદુલાલ પત્રાવાલા હ. શ્રીમતી ભારતીબેન ગીરીશભાઈ શાહ (પત્રાવાલા) (ચિતારાની ખડકી)
- શ્રીમતી નિરંજનાબેન પ્રફુલભાઈ શાહ હ. શ્રીમતી દીપાબેન નિલેશભાઈ શાહ (બ્રાહ્મણવાડો)
- શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંત ચીમનલાલ શાહ – હ. શ્રીમતી પીંકી ધીરેનભાઈ શાહ, શ્રીમતી પલ્લવી અમીતભાઈ, શ્રીમતી આશિતાબેન ભુપેનભાઈ (પોળની શેરી)
- શ્રીમતી ભાનુબેન સુરેશચંદ્ર શાહ (શામળાજીની શેરી, ખેતરવસી)

## Rs. 50+13 = 63 Lc સહયોગી આધાર સ્થંભ લાભાર્થી :

- પદ્માવતી માતા – શ્રી ધવલભાઈ દીપકભાઈ શાહ (કનાસાનો પાડો)
- અંબિકા દેવી – શ્રી વિરલભાઈ રાજેન્દ્રભાઈ ચંપકલાલ ઝવેરી-મરીનડ્રાઈવ (મનમોહનજીની શેરી)
- મહાલક્ષ્મી માતા – શ્રી આશિષભાઈ દિપકભાઈ ઝવેરી (મનમોહનજી ની શેરી)
- શ્રી વિનોદભાઇ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)
- શ્રીમતી જ્યોત્સનાબેન પ્રવિણચંદ્ર શાહ-હ. શ્રીમતી નિકીતાબેન ધિરેનભાઈ શાહ, હર્ષિલ, સુહાની, વિધી, સાગર, કિયાન, આરવ (મહાદેવાજીની શેરી, ખેતરવસી)

## લોનાવાલા હોલી ડે હોમ : Rs. 30 Lc એક રૂમના લાભાર્થી :

- શ્રી કાંતિલાલ ડાહ્યાભાઈ શાહ (મશરુવાલા) – હ. શ્રીમતી કિરણબેન પ્રવિણભાઈ શાહ (કુંભારીયા પાડો)
- માતુશ્રી વિમળાબેન કાંતિલાલ શાહ – હ. શ્રીમતી ગુણવંતીબેન અરવિંદભાઈ શાહ (ખેતરવસી)
- શ્રીમતી મધુબેન વર્ધમાનભાઈ સાંડેસરા – હ. શ્રીમતી દર્શનાબેન અમીતભાઈ શાહ (કેશુશેઠનો પાડો)
- શ્રીમતી મોનિકાબેન સંજયભાઈ રમેશચંદ્ર શાહ (ડંકમહેતાનો પાડો)

## Rs. 15 Lc એક રૂમના સંયુક્ત લાભાર્થી રહેશે :

- શ્રીમતી બીનાબેન દીપકભાઈ શાહ (વખતજીની શેરી)
- શ્રી દિલીપભાઈ વરજીવનદાસ શાહ (મલ્લાતનો પાડો)
- શ્રીમતી સેજલબેન મનીષભાઈ મજીઠીયા (ખેતરપાળનો પાડો)
- શ્રીમતી વીરમતીબેન જિતેન્દ્રભાઈ શાહ (ભાભાનો પાડો)
- શ્રી બીપીનચંદ્ર ભોગીલાલ સાંડેસરા (અબજી મહેતાનો પાડો)
- શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- શ્રી દર્શનભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- શ્રી નવનીતલાલ મણિલાલ શાહ – હ. શ્રીમતી સુરેખાબેન નવનીતલાલ શાહ (મણિયાતી પાડો)
- શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ શાહ (વખતજીની શેરી)
- શ્રીમતી રમીલાબેન કીરીટભાઈ મહાસુખલાલ શાહ (નંદરબારવાલા) (ડંકમહેતાનો પાડો)
- શ્રીમતી ભાનુબેન ગુલાબચંદ શાહ – હ. શ્રીમતી શિલ્પાબેન પંકજભાઈ શાહ (કનાસાનો પાડો)
- શ્રી સંજયભાઈ દિનેશભાઈ શાહ – હ. શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાહ (સિદ્ધચક્રની પોળ)
- શ્રીમતી સુષ્મિતાબેન સુધીરભાઈ શાહ – હ. શ્રી સંજયભાઈ સુધીરભાઈ શાહ (મારફતિયા મહેતાનો પાડો)
- શ્રી જતીનભાઈ ભગવાનદાસ શાહ – હ. શ્રીમતી નીનાબેન જતીનભાઈ શાહ (ખેતરવસી)
- શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ – હ. શ્રીમતી ભાવીનીબેન જનકભાઈ શાહ (લખિયારવાડો)
- શ્રીમતી પારૂલબેન રાજેશકુમાર શાહ – હ. શ્રી રમેશભાઈ છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- શ્રીમતી ઉષાબેન વિજેન્દ્રભાઈ પટણી – હ. શ્રીમતી ડિમ્પલબેન જીગરભાઈ શાહ (નિશાળનો પાડો)
- શ્રીમતી સુધાબેન મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ પરિવાર – હ. શ્રી નીતિનભાઈ, શ્રીમતી સેફાલી, શ્રી પરીન શાહ (લખિયાર વાડો)
- શ્રીમતી રેણુકાબેન રજનીકાંત મણિલાલ શાહ (નિશાળનો પાડો)
- શ્રીમતી પરેશાબેન મહેશભાઈ રમણિકલાલ શાહ (જીવદયા વાળા) (કપુરમહેતાનો પાડો)

# LONAVALA PROJECT SCHEME

## Rs. 1 + 0.25 = 1.25 Cr. મુખ્ય આધાર સ્થંભ લાભાર્થી

જેમાં દાતાશ્રીનું યોગ્ય જગ્યાંએ નામ આવશે. ૯૦ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે. તેમજ સગા-વ્હાલાને પણ રહેવા આપી શકાશે.

આ સ્કીમમાં ગભારાના ભગવાન ભરાવવાનો અને પ્રતિષ્ઠાનો લાભ મળશે, જેના રૂા. ૨૫ લાખ રહેશે.

# LONAVALA PROJECT SCHEME

**Rs. 50+13 = 63 Lc  સહયોગી આધાર સ્થંભ લાભાર્થી :**

જેમાં દાતાશ્રીનું યોગ્ય જગ્યાએ નામ આવશે,
૪૫ દિવસ Maintenance Cost થી  એક રૂમ દાતાશ્રીને
રહેવા મળશે તેમજ સાથે સગા-વ્હાલાને પણ રહેવા આપી શકાશે.
આ સ્કીમમાં એક ભગવાન ભરાવવાનો
અને પ્રતિષ્ઠાનો લાભ મળશે, જેના રૂા. ૧૩ લાખ રહેશે.

**Rs. 30 Lc  એક રૂમના લાભાર્થી :**

જેમાં રૂમ ઉપર દાતાશ્રીનું નામ આપવામાં આવશે
સાથે ૩૦ દિવસ Maintenance Cost થી  એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

**Rs. 15 Lc  એક રૂમના બે લાભાર્થી રહેશે :**

જેમાં એક રૂમ ઉપર બે દાતાશ્રીઓના નામ આપવામાં આવશે
સાથે ૧૫ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

**Rs. 2.25 Cr**  ડાયનીંગ હોલ Grand
**Rs. 1.50 Cr**  એન્ટ્રન્સ લોબી
**Rs. 1.25 Cr**  ક્રિકેટ ગ્રાઉન્ડ
**Rs. 1.25 Cr**  લેન્ડસ્કેપ એરિયા
**Rs. 1.25 Cr**  હોલ (૨૦૦ વ્યક્તિ માટે)
**Rs. 63 Lc**  હોલ (૧૦૦ વ્યક્તિ માટે)
**Rs. 30 Lc** વ્યૂવિંગ ગેલેરી

૫૦ લાખથી વધારે રકમના લાભાર્થીઓ / દાતા શ્રીઓને અન્ય લાભ આપવામાં આવશે
તો વ્યક્તિગત અમારો સંપર્ક કરવા વિનંતી કરીએ છીએ.
દાતા શ્રીઓને એમનું દાન બે વર્ષમાં હપ્તેથી ભરવાનો લાભ મળશે સાથે 80G સર્ટિફિકેટ પણ મળશે.
જે કોઈને લાભ લેવો હોય તે 'વહેલા તે પહેલા' ના ધોરણે નામ આપવામાં આવશે.

**નીચે જણાવેલ નંબર ઉપર સંપર્ક કરવા**

શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) પ્રમુખ : ૯૯૩૦૮૯૧૯૮૫
શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી - પ્રથમ ઉપપ્રમુખ : ૯૮૨૦૦૪૮૩૬૭
શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ (જેડી.) - ઉપપ્રમુખ : ૯૩૨૨૨૨૭૨૦૯
શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ - માનદમંત્રી : ૯૮૬૯૩૩૩૭૧૬

## સાધર્મિક ભક્તિ એ જ સર્વોત્તમ પ્રિતી

### -: રૂા. ૨,૦૦,૦૦૦/- નું દાન આપનાર દાતાઓ :-



શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)



શ્રી નરેશચંદ્ર મણિલાલ ઝવેરી (ચોધરીની શેરી)



સ્વ. શ્રી મનહરલાલ કેશવલાલ શાહ (લખિયારવાડો)



શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ (કનાસાનો પાડો)



શ્રી યોગેશભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)



શ્રીમતી અમીતાબેન કમલેશભાઈ શાહ (વખતજીની શેરી)



શ્રીમતી વિમળાબેન નવીનચંદ્ર શાહ (ઝવેરી વાડો)



શ્રીમતી ભાનુબેન સુરેશચંદ્ર શાહ (શામળાજીની શેરી)



શ્રીમતી જીતાબેન રાજનીકાંત ઝવેરી (કનાસાનો પાડો)



શ્રીમતી ચારુબેન રજેન્દ્રભાઈ ચંપકલાલ ઝવેરી (મનમોહનજીની શેરી)

*''મનમાં છે ભાવના, કરવી દીન દુ:ખીયાનો ઉદ્ધાર, જો મળશે સાથ તમારો તો કરીશું માનવતાનો જયજયકર''*

## સોમીબા - જનતા દવાખાનું

ખુબજ નાની ઉંમરમાં શ્રી પંચાસર પાર્શ્વનાથજી ભગવાનની પ્રતિષ્ઠા માટે રસ્તે ચાલતા પીપળાની શેરીમાં જનતા દવાખાનાનું બોર્ડ વાંચ્યું અને તદ્દન નિ:શુલ્ક ઉપચાર અને દવાઓ આપવામાં આવે છે તે વખતે આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી વિચાર આવ્યો કે આવું ઉત્તમ કાર્ય આપણે ક્યારે કરી શકશું. અને તે વિચારોને ઘણા સમય સુધી વાગોળ્યા કર્યો. જેના નિમિત્તે અને સુકૃત કરવા પરિવારને વખતો વખત યાદ કરીને **માતુશ્રી સોમીબા ક્લીનીક** પંચાસરા દેરાસરની સામે, પાટણ આજથી ૧૧ વર્ષ પહેલા સ્થાપના કરવામાં આવી. આજે ડોક્ટરો તેમજ પાટણના ભાઈઓના સહકારથી નિર્વિઘ્ને તેમજ નિ:શુલ્ક દવાખાનું ચાલું છે. આ દવાખાનાનો લાભ કોઈપણ જાતન્ઞા જ્ઞાતિના ભેદભાવ વગર લઈ શકે છે. શ્રી સાધુ-સાધ્વીજી તેમજ સકળ સંઘ પણ લાભ લે છે આ ક્લિનિકે ૧૨માં વર્ષમાં પ્રવેશ કરેલ છે, દરરોજના અંદાજે ૯૦ થી ૧૨૦ દર્દીઓ લાભ લે છે. સાધુ-સાધ્વીજી મહારાજ માટે જરૂર પડે તે પ્રમાણે તેમના સ્થાન ઉપર તાત્કાલિક ડોક્ટરસાહેબ જઈને સારવાર આપે છે. માતુશ્રી સોમીબા ક્લિનિકનું મકાન જીર્ણ થવાથી ફરી મકાન બની રહ્યું છે. જેમાં દવાખાનાની પ્રવૃત્તિ વિસ્તૃત કરવાની અમારા પરિવારની ભાવના છે. આ માટે વિચારણા ચાલુ જ છે. અત્યારે મકાન નવું થતું હોવાથી દવાખાનું શ્રી મોહનભાઈ ઉત્તમચંદની ધર્મશાળામાં ચાલું છે.

❑ ભરતભાઈ બાલુભાઈ શાહ

## શ્રી પાટણ જૈન મંડળ દ્વારા દવા મેળવવાની નવી વ્યવસ્થા

**શ્રી પાટણ જૈન મંડળની મેડિકલ સમિતિ દ્વારા દવા વિતરણ યોજનામાં સમયે સમયે ફેરફાર કરવામાં આવે છે, જેથી સમાજના પરિવારોને દવા સહાય યોગ્ય રીતે મળી રહે. તા. ૦૧-૦૭-૨૦૨૫થી નીચે મુજબના ફેરફાર કરવામાં આવેલ છે, જેથી દવા મોકલનારને અને મંડળના કામકાજમાં સરળતા તથા સારું પરિણામ આપી શકાય.**

૧. દરેક અરજદારે દર મહિને તા. 15 થી 20 દરમ્યાન ડોક્ટરની દવાનું પ્રિસ્ક્રીપ્શન મોકલવાનું રહેશે જેની ઉપર અરજદારનું નામ હોવું જરૂરી છે, તથા પ્રિસ્ક્રીપ્શન છ મહિના જૂનુ ન હોવું જોઈએ. આપનું સરનામું, આપનો મોબાઈલ નંબર તથા હાલનો (પાટણ ફેમીલી આઈડી) ફરજિયાત લખીને મો. નં. 8286668666 ઉપર મોકલી આપવાનું તેની કોપી મંડળના મોબાઈલ નં. 9619723857 ઉપર પણ ફરજિયાત મોકલવાની રહેશે. તા. 20 પછીના કોઈપણ ઓર્ડરની દવા મોકલવામાં નહીં આવે.

૨. આપને આ નૂતન યોજના અન્વયે માત્ર બ્રાન્ડેડ દવાઓ, ઈન્સ્યુલીન, આઈ ડ્રોપ તથા ઓઈનમેન્ટ જ પ્રાપ્ત થઈ શકશે.

૩. આપની દવા ડોક્ટરના પ્રિસ્ક્રીપ્શન મુજબ જ આપવામાં આવશે તેની નોંધ લેવી.

૪. જ્યારે આપને દવા મળી જાય કે તુરતજ દવા સાથે આવેલ દવાનું બિલ મંડળના મોબાઈલ નં. 9619723857 પર ફરજિયાત મોકલવાનું રહેશે જેથી કરી મંડળને સપ્લાય કરેલી દવાનો હિસાબ કરવામાં સરળતા રહે.

૫. દવા સપ્લાયર મેડિસિમ્પલ દ્વારા આપના પ્રિસ્ક્રીપ્શન પ્રમાણે અંદાજે ત્રણ થી ચાર દિવસમાં દવાઓ આપને ઘરબેઠા પહોંચાડવામાં આવશે.

❑ મેડિકલ સમિતિ




# દિશા દિવ્યાંગ કાર્ય શાળા







દર વર્ષે એપ્રિલ અને મે મહિનામાં બાળકોનું બ્લડ ચેકઅપ થાય છે. અને લગભગ ૮૦ થી ઉપર રિપોર્ટ કવર કરવામાં આવે છે. બધા જ બાળકોના રિપોર્ટ આવ્યા પછી **ડોક્ટર મનિષાબેન અને ડોક્ટર નિમેષભાઈની** સાથે બાળકો અને પેરેન્ટ્સ નું કાઉન્સિલિંગ થાય છે. હેલ્થના પ્રોબ્લેમ માટે ગાઈડલાઈન આપવામાં આવે છે આ વખતે લગભગ દરેક બાળકનું B12 અને D3 રિપોર્ટમાં ઓછું આવ્યું હતું તેથી દિશા સમિતિ તરફથી દરેકને B12 અને D3 નીત્રણ મહિનાની દવા આપવામાં આવી છે. અહીંના બાળકોનું પ્લેટિનમ પેકેજ સૌરભ મેડિકલ કમિટીના સહયોગથી કરવામાં આવ્યું હતું તથા પાટણના દિવ્યાંગ કાર્ય શાળા બાળકોનું પેકેજ પાટણ જનતા હોસ્પિટલ દ્વારા કરવામાં આવ્યું છે. તેમાં **ટ્રસ્ટીશ્રી મનસુખભાઈ પટેલનો** સંપૂર્ણ સહયોગ મળ્યો છે. ત્યાંના બાળકોને પણ D3 અને B12ની ત્રણ મહિનાની દવા આપવામાં આવી છે. આ સંપૂર્ણ મેડિકલ કેમ્પના **લાભાર્થી શ્રી સંકેતભાઈ શરદભાઈ શાહ** છે. ખડાખોટડીનો પાડો તેમના જન્મદિવસની ખુશાલી નિમિત્તે બધા બાળકોએ સાથે મળીને કેક કાપી હતી અને નાસ્તાનો તથા આઈસ્ક્રીમ નો આનંદ માણ્યો હતો. **શ્રી જે. કે. શાહ સાહેબના** પરિવાર તરફથી દરેક બાળકને કેરીનો રસ આપવામાં આવ્યો હતો.

ત્યાંરબાદ જાન્યુઆરીમાં દ્વારકા, હાલાર, પોરબંદર અને જામનગર તીર્થની યાત્રા પ્રવાસના લાભાર્થી પરિવાર **શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ** (પોળની શેરી) નું બહુમાન **પ્રમુખશ્રી દાનેશભાઈ માટલીવાલા** તથા **શ્રીમતી રાજેન્દ્રાબેન શાહ** તરફથી મોમેન્ટો આપીને કરવામાં આવ્યું હતું. આપ સર્વેના સહયોગની દિશા સમિતિ ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

**અત્તરના સ્નાનથી થોડીક ખુશ્બુ સુગંધ - મહેંક ફલાય છે, પણ જો સુકૃત્ય કર્યા હોય તો તેની સદા સુગંધ આવતી રહેતી હોય છે. સુકૃત્યની સુગંધ ચારે દિશામાં મહેંક પ્રસરાવતી હોય છે.**


## મકાન વેચવાનું છે

કનાસાના પાડામાં મોટા દેરાસરની સામે (દેરાશરી) આવેલ મકાન ફર્નીચર સાથે વેચવાનું છે.
સંપર્ક: દિપકભાઈ ચિમનલાલ શાહ
હ. કેતકી દિપકભાઈ શાહ
ADVT
સંપર્ક:8291889515 / 7977705810

**પ્યારાં વાચક મિત્રો,**

આપ સૌના કરકમળમાં આ અંક આવશે ત્યારે એક સરસ યાદગાર દિવસ **તા.૧૫ જુન નાં રોજ કેલેન્ડરની તારીખમાંથી પસાર થઈ ગયો છે.** પણ આપણી સંસ્કૃતિમાં અને સંસ્કારમાં તો જીવન પર્યંત રહે છે. તે છે **માતૃદેવોભવ અને પિતૃદેવોભવ. માતાપિતાને આપણે કયારેય આપણાંથી અલગ માનતા જ નથી. તેમનો દરજ્જો, માન, આદર તો આપણાં હૃદયમાં હંમેશા ઉચ્ચ સ્થાને જ રહે છે.**

પિતા અને સંતાનો વચ્ચેનો સંબંધ સ્નેહ, જવાબદારી, સંતાનોની સુરક્ષાનો હોય છે. જયાં સુધી સંતાન સ્વતંત્ર તેના પગ પર ઉભો ન થાય ત્યાં સુધી તેની સંભાળ રાખે છે. દરેક પિતા તેનાં બાળકને પ્રેમ કરે છે, પરંતુ તેનાં ઉજજવળ ભવિષ્ય અને આદર્શ જીવન આપવા માટે કડક વલણ અપનાવે છે. **પિતા એવા છે કે જે સંતાનો માટે પોતાનું જીવતર ઘસી નાખે છે. માત્ર હયાતીમાં જ નહી, પણ મર્યા બાદ પણ પોતાનાં સંતાનોને આપતા જ રહે છે.** એવા પિતાનું વર્ણન કરવા માટે કોઈ ઉદાહરણ આપવાની જરૂર નથી.

કેમ કે, આવા કેટલાય પિતાઓ આપણે આપણાં પરિવારોમાં સદા સન્માનીય છે. આ એવા પિતા છે, જેનો મહિમા ગાવા માટે વર્ષમાં માત્ર એક જ દિવસ ફાધર્સ ડેની જરૂર નથી.

પિતા એ પ્રત્યેક માણસના જીવનમાં આવેલો પહેલો પુરુષ છે. ભારત દેશમાં તો પિતા જ્યાં સુધી હયાત છે, ત્યાં સુધી સંતાનની છત્રછાયા બની રહે છે તે સામાન્ય છે. પણ હકીકત એ છે કે **આપણે ત્યાં માતાનો મહિમા થાય છે એનાથી દસમા ભાગનો મહિમા પણ પિતાનો થતો નથી.** એક સંસ્કૃત સાહિત્યકારે પિતૃત્વનો મહિમા બતાવતા કહયું છે-

**પિતા ધર્મ છે, પિતા સ્વર્ગ છે, અને પિતા જ સૌથી શ્રેષ્ઠ છે.**

જયારે પિતા પ્રસન્ન થાય છે, ત્યારે તમામ દેવો પ્રસન્ન થાય છે, કારણકે **પિતા જન્મદાતા અને અન્નદાતા છે. વિદ્યા પ્રદાન કરનાર છે, ભયથી રક્ષા કરનાર છે. પિતા હૈયામાં હામ અને હિમંત આપે છે. તેમ છતાં જો પિતા ગુસ્સો કરે છે ત્યારે તેમનું સ્વરૂપ બદલાઇ જાય છે. પિતાને ત્યાગ અને સમર્પણ માટે પૂજવામાં આવે છે. ઘણાં સંતાનો તેમના પિતાને એક સુપર હિરો તરીકે જુએ છે. છતાં પણ પિતા પાસે પોતાની લાગણીઓ વ્યકત કરી શકતા નથી. સંતાનો માતાના ખોળામાં માથું મૂકી શકે છે, પરંતુ પિતાના ખોળામાં બેસી નથી શકતા.પિતાને દીકરીઓ પ્રત્યે વિશેષ લાગણી રહે છે. તેથી દીકરીઓ ને વધારે લાડપ્યાર કરે છે.**

સમયનાં પરિવર્તન સાથે હવે સંતાનો ઉચ્ચ ડિગ્રી લઈને મોટી મોટી ઇન્ટરનેશનલ કંપનીઓમા ઉચ્ચ હોદ્દા પર સર્વિસ કરે છે અને વધુ પગાર મેળવી સુખ સગવડ ભોગવે છે. તેથી તેઓ માતાપિતા સાથે ખુલ્લા દિલથી મિત્રાચારી રાખતા થયા છે. પિતા પણ સંતાનોમાં આત્મવિશ્વાસ જાગે અને સફળતાની પગદંડી પર જીવનની સફર કરતાં રહે તે માટે બેટા! તું શ્રેષ્ઠ બનજે, તારૂં નામ રોશન કરજે ના આશીર્વાદ થી સંતાનોને વહાલ કરતાં જ રહે છે.

કેલિફોર્નિયાની એક કંપનીમાં કામ કરતાં એક પિતાએ પોતાના ૧૪ વર્ષના પુત્રના હાથમાં એક ગુલાબી રિબિન આપી તે રિબિનમાં સિલ્વર અક્ષરે લખેલું હતું: **"To Change My Life-મારાં જીવનમાં પરિવર્તન."**

પિતાએ પુત્રને કહયું; ''માફ કરજે બેટા, મને બહુ કામ રહે છે તેથી હું ઘરમાં તારાં પર ધ્યાન આપી શકતો નથી, તને માર્કસ ઓછા મળે કે તારો રૂમ અવ્યવસ્થિત હોય તો હું તારા પર ગુસ્સો કરું છું. પણ દિકરા આજે મારે તને કહેવું છે કે તે મારાં જીવનમાં પ્રકાશ ભરી દીધો છે.''

**"I Love you more than any bodyelse"**

આમ કહીને પિતાએ પુત્રના શર્ટ પર હૃદય પાસે રિબિન લગાવી.

દીકરાની આંખમાંથી આંસુ વહેવા માંડયા, **''ડેડ, હું તમને કદી ખુશ કરી શકતો ન હતો. મને લાગતું હતું કે તમે મને નથી ચાહતા, તેથી હું આત્મહત્યા કરવાનો વિચાર કરતો હતો. પણ હવે હું જીવીશ. "Dad I Love you Too."**




વર્ષો પછી પિતાએ પુત્રને આશ્લેષમાં લીધો. બંન્નેની આંખોમાંથી પ્રેમનાં આંસુ સરતા હતા. **ફાધર્સ ડે નાં દિવસે પિતાએ પોતાના અનુભવમાંથી સિંચેલી લાગણીથી ઘડેલી શિખામણોનું મૂલ્ય જો સંતાનો સમજે અને પોતાની જિંદગીને સુંદર આકાર આપે તો જ સંતાનોનું જીવન પણ મૂલ્યવાન બને. આ જ એક પિતાની સુંદર ભેટ ફાધર્સ ડે ની પોતાના સંતાનો તરફથી મળશે.**

**જેણે તમને ચણ આપ્યું, જેણે તમને પાંખો આપી,**
**જેણે તમને સ્વપ્ન આપ્યા, જેણે તમને ઉડાન આપી,**
**એવા પૂજય પિતાશ્રીને......**
**તમારું આકાશ તમને મળે ત્યારે ભૂલી ન જતાં.**

❑ ભારતી શાહ

# 'જીવન મહેક' પ્લેટફોર્મ બે વર્ષના સફરની સફળતાનો પ્રવાસ અને નવી દિશામાં પગલા





આજે ૨૦૨૫ના વર્ષમાં આપણે **જીવન મહેક પ્લેટફોર્મની** બે વર્ષની સફરને યાદ કરીએ છીએ ત્યારે હર્ષ અને ગૌરવની લાગણી થાય છે. આ કાર્યની શરૂઆત માત્ર એક વિચારથી થઈ હતી કે પાત્રોની પસંદગીને માત્ર બાયોડેટા સુધી સિમીત ન રાખતા એકબીજાને સમજી વિચારીને આપલે કરી અને લાઈફ પાર્ટનરની પસંદગી કરવા માટે એક નવી દિશા આપવી.

આ બે વર્ષમાં શરૂઆતમાં આ ડિજીટલ પ્લેટફોર્મ પર ૧૫૦ થી ૨૦૦ બાયોડેટા હતા જ્યારે અત્યારે બે વર્ષમાં જ ૪૦૦ ઉપર બાયોડેટા છે. આ પ્લેટફર્મની અંદર Successful ચાર Event થઈ છે. જેની Success Story એ છે કે એમાથી ૧૯ જેટલી સગાઈ થઈ છે. જેમાં બન્ને પાત્ર પાટણ  સમાજના છે જે ખૂબ ગર્વની વાત છે.

આજના આધુનિક જમાનામાં ફક્ત બાયોડેટા સ્કોલ કરીને પાત્રની પસંદગી કરવી પૂરતું નથી પરંતુ પાત્ર, લાઈફ પાર્ટનર પસંદ કરવા માટે બન્નેના વિચારો, પાત્રમાં રહેલી Quality અને મનના મેળ માટે જીવન મહેક પ્લેટફોર્મ ફક્ત માહિતી જ નહીં પણ એક પ્લેટફોર્મ આપે છે જ્યાં Candidate એકબીજા સાથે Freely Interaction કરીને એકબીજાને સાચા અર્થમાં ઓળખી શકે.

હજીપણ સમાજના જે યુવક-યુવતિઓએ રજીસ્ટ્રેશન ના કરાવ્યું હોય એ વહેલામાં વહેલી તકે જોડાઈ પોતાની પસંદગીનું યોગ્ય પાત્ર મેળવી શકે છે.

કાર્યક્રમની શરૂઆતમાં જીવન મહેકના કન્વીનર **શ્રી હિતેનભાઈ ચંપકલાલ વીમાવાળાએ** લોકોને આવકાર્યા હતા અને **યશ્વી ગાલાનું** બહુમાન કર્યું હતું.

''આપણા પાટણ જૈન સમાજનાં સંસ્કાર, સંસ્કૃતિ અને ધર્મ સચવાઈ રહે અને સંબંધો મજબુત બને એવા વિચારથી પ્રેરાઈને નવા વિઝન અને નવા મિશન સાથે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.'' તેમાં સમાજના દરેકે દરેક વર્ગના યુવક-યુવતીઓ જોડાય તો સંસ્થાના વિકાસમાં અને સગપણ સમસ્યા સમાધાનમાં મહત્વનું યોગદાન બની રહેશે.

આ રીતે **"Coffee Day"** એક માત્ર Event નહીં પણ સમાજના જ Candidates  સમાજમાંજ પરણશે તો સમાજનો વિકાસ, ઉન્નતી, સંસ્કાર અને સમાજનો વારસો જળવાય રહેશે.

**✳ 'જીવન મહેક' પ્લેટફોર્મ** એ એક નવી દ્રષ્ટી સાથે તા. ૪થી મે, ૨૦૨૫ના **"Coffee Day"** ની ઈવેન્ટ ગરવારે ક્લબમાં યોજી હતી. જેમાં Shark tank થીમ રાખવામાં આવી હતી, જેમાં અંદાજે ૧૨૦ જેટલા Candidate ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. જેમાં ગ્રુપ બનાવ્યા હતા. દરેક ગ્રુપને ૪૫ મિનિટ આપવામાં આવી હતી. દરેકે પોતાના Groupwise Productનું Marketing કરવાનું હતું.

જ્યાં બધા Candidate એકબીજા સાથે Freely Interaction અને Cordination કર્યું હતું. જેના લીધે પ્રત્યેક ટેબલ ઉપર અને સમગ્ર હોલમાં Shark Tank જેવો માહોલ રચાઈ ગયો હતો.

આ કાર્યક્રમનું સંચાલન Young & Dynamic **યશ્વી ગાલા** દ્વારા કરવામાં આવ્યું હતું.

સેક્રેટરી **શ્રીમતી મોનાબેન વિમલેશભાઈ શાહ** તથા **શ્રીમતી હેમાબેન દર્શનભાઈ શાહે** કાર્યક્રમના સુચારુ સંચાલન માટે જરૂરી માર્ગદર્શન પુરુ પાડ્યું હતું તથા **શ્રી સંજયભાઈ કીર્તિલાલ શાહ, શ્રીમતી પૂજાબેન ચીરાગભાઈ શાહે** Vote off Thanks કર્યું હતું.

આ કાર્યક્રમ સફળ બનાવવા જીવન મહેકના કમીટી મેમ્બરો **શ્રીમતી દિપાલીબેન, પ્રાપ્તીબેન, સ્નેહાબેન, ફાલ્ગુનીબેન, શ્રી નિલેશભાઈ કાંતિલાલ શાહ, શ્રી નિલેશભાઈ અરૂણભાઈ શાહ** વગેરેનો પણ ફાળો હતો.

કાર્યક્રમ બાદ અનેક Candidate પોતાનો Feedback આપીને પ્રોગ્રામની પ્રસંશા કરી હતી. Candidates એકબીજાને નજીકથી ઓળખી શકશે અને વિચારોની આપલે કરી શકે તેવા હેતુથી વારંવાર આવા કાર્યક્રમોના આયોજનો થવા જોઈએ.

આપણો આગામી સંભવીત કાર્યક્રમ જુલાઈ મહિનામાં યોજવાનો વિચારેલ છે જેની નોંધ વોટ્સએપ ગ્રુપ પર મુકવામાં આવશે.

# ‘જીવન મહેક’ પ્લેટફોર્મ બે વર્ષના સફરની સફળતાનો પ્રવાસ અને નવી દિશામાં પગલા

















# ૬૪ વર્ષથી સંનિષ્ઠ પણે કાર્યભાર સંભાળી નિવૃત્ત થતાં મંડળના મેનેજર શ્રી મનુભાઈ જોષી



શ્રી પાટણ જૈન મંડળમાં તા. ૧૩-૦૬-૧૯૬૧થી ૨૦ વર્ષની ઉંમરે ક્લાર્ક તરીકેની કારકીર્દિ શરૂ કરેલ. જે આજે ૬૪ વર્ષ સુધી એકધારી તન-મન અને હૃદયપૂર્વક, પ્રમાણિક પણે કાર્ય કરી નિવૃત્ત થયો છું. સંસ્થા અને સમાજ સાથે ઘણાં વર્ષો પસાર કર્યા છે. મરીનડ્રાઈવ ખાતે ૨૦ વર્ષ અને બોરીવલી રતન નગર ખાતે ૪૦ વર્ષ પરિવાર સાથે રહી જીવનમાં પ્રગતિ સાધેલ છે. પાટણ જૈન સમાજના અનેક કુટુંબોના સંપર્કથી મારા બાળકો-પરિવારે ઉચ્ચ સંસ્કાર અને શિક્ષણ મેળવી સુખી થયેલ છે તે બદલ પાટણ જૈન સમાજ અને મંડળનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. પાટણ સમાજમાં ત્રણ - ત્રણ પેઢીના વડીલો અને યુવાનો સાથે સુમેળભર્યા સંબંધો રાખી આગવી ઓળખ ધરાવું છું. સમાજે મને પ્રેમ, હુંફ, આદર, માન, સન્માન આપેલ છે

